પ્રવાસ માટે નીકળતો માનવી
માત્ર ઘરમાંથી બહાર નથી
નીકળતો,
પોતામાંથી પણ બહાર નીકળે છે...

# જાણે પુનઃ પ્રવાસ થઈ રહ્યો છે

મારા અભ્યાસખંડમાં ટેબલખુરશી પર બેસીને આ લખી રહ્યો છું. યુકેથી ભુજ આવ્યાને બે મહિનાથી વધારે વખત વીતી ગયો છે. પ્રવાસ આમ તો પૂરો થયો પરંતુ એની વાર્તા પૂરી કરતાં જાણે આજે પૂરો થયો હોય એવી લાગણી જન્મે છે. હવે જ્યારે જ્યારે આ લખાણ પર નજર કરવાની આવશે ત્યારે ત્યારે સ્મૃતિ પટ પર એ પુનઃ આરંભાશે અને આ લખ્યાનો એક હેતુ સિદ્ધ થશે. એ ખરું છે કે સ્મૃતિનો ઠીકઠીક આધાર લીધો છે. એ પણ સાચું છે કે સ્મૃતિ હવે પહેલાં જેટલો સાથ નથી આપતી. હા, બાજુમાં ડાયરી પણ છે, જેમાં નોંધો કરેલી છે, પણ છૂટીછવાઈ; વિચાર્યું તો એમ હતું કે જે સ્થળની મુલાકાત લેવાનું થશે તેને લગતી પૂરી નોંધ તે જ રાતે નિવાસે જઈને કરી લઈશ, પણ એમ થઈ શક્યું નહીં. જે-જે સ્થળને લગતું સાહિત્ય મળ્યું તે સાચવીને રાખ્યું, એની મદદ પણ મળી છે – ખાસ કરીને વિગતોને લગતી. મનોરમ્ય છબીઓ પણ છે, જે સ્મૃતિને ઉદ્દીપ્ત કરવાનું કાર્ય કરી રહી છે. નૂતનનું સાન્નિધ્ય તો છે જ, શાલ્મલિ અને વેણુને પૂછપરછ કરીને પણ કામ આગળ ચલાવ્યું છે... કશો વસવસો નથી બલકે લાભ જ થયો છે – સ્મૃતિ બધું તાદશ કરી રહી છે, જાણે પુનઃ પ્રવાસ થઈ રહ્યો છે. આ પ્રવાસવાર્તા ૩૦ જૂન ૨૪'થી ૨ ફેબ્રુઆરી '૨૫ દરમિયાન 'કચ્છમિત્ર', 'જન્મભૂમિ – પ્રવાસી' અને 'ફૂલછાબ'ની રવિવારીય પૂર્તિમાં છપાઈ હતી, એ વખતે મળતા રહેતા પ્રતિભાવો પણ કંઈક આ પ્રકારના જ હતા. એ મળી શક્યા તે સર્વશ્રી કુન્દન વ્યાસ, દીપક માંકડ અને જ્વલંત છાયાને આભારી. રામ અંતાણી અને તેમના સહાયકોનો એ પ્રકાશનમાં સહૃદય સાથ મળ્યો તેનો આનંદ તો તેના સૂઝબૂઝપૂર્વકના પુસ્તકરૂપ માટે 'ઝેનઓપસ' સાથે સહિયારો હરખ.

**– ધીરેન્દ્ર મહેતા**

જીવનછાયા, હૉસ્પિટલ રોડ,
ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧

# ‘વૃક્ષ ચલે નિજ લીલા’


1 પીઠિકા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 1
2 ભૂમિકા : ‘ઉજાણી’ – ‘પર્યટન’ – ‘પ્રવાસ’. . . . . . . . . 3
3 મારો પ્રવાસ . . . . . . . . . . . . . . . . . . . . . . . . 6
4 કાલાન્તરે–દેશાન્તરે . . . . . . . . . . . . . . . . . . . 26
5 હિથ્રોથી પૂલ (ડોરસેટ). . . . . . . . . . . . . . . . . . 33
6 એટલાન્ટિકને આરે . . . . . . . . . . . . . . . . . . . . 43
7 પડખાં બદલી રહેલો મહાસાગર. . . . . . . . . . . . . . 47
8 લલવર્થઃ જુરાસિક દરિયાકિનારો . . . . . . . . . . . . . 54
9 હલેસે હલેસે ઉલેચાઈને . . . . . . . . . . . . . . . . . 57
10 સમયમાં પડેલા ખાંચામાંથી . . . . . . . . . . . . . . . 61
11 પેન્સિલ મ્યુઝિયમ? એ વળી શું! . . . . . . . . . . . . . 69
12 સોળ સરોવરસુંદરી : લેઇક ડિસ્ટ્રિક્ટ. . . . . . . . . . . . 73
13 લેઇક ડિસ્ટ્રિક્ટ અને વર્ડ્ઝવર્થ . . . . . . . . . . . . . . 77
14 ‘કલા અને પ્રકૃતિની સ્વર્ગભૂમિ’ : જ્હોન રસ્કિનનું ઘર. 82
15 બીટ્રિક્સ પોટરની અજાયબ સૃષ્ટિ. . . . . . . . . . . . . . 86
16 એડિનબરામાં . . . . . . . . . . . . . . . . . . . . . . . 91
17 ફૉલકર્ક વ્હીલ અને હોમ ઑફ ધ કેલિપ્સ. . . . . . . . . . 94
18 પ્રવાસની ગતિ – વૃક્ષની ગતિ . . . . . . . . . . . . . . 99
19 શેક્સ્પિયર-ભૂમિ. . . . . . . . . . . . . . . . . . . . . 106
20 વિદ્યાધામોની વાટે : ઓક્સફર્ડ–કેમ્બ્રિજ . . . . . . . . . 109
21 સારસ્વતોની સૃષ્ટિ . . . . . . . . . . . . . . . . . . . .111
22 અતીતનું આભામંડળ અને સમયનો તાલમેલ . . . . . . .115
23 લંડનઃ અપરિચિત પરિચય . . . . . . . . . . . . . . . . .119
24 ડૂમ્સ ડે . . . . . . . . . . . . . . . . . . . . . . . . .131
25 તરુદુર્ગ . . . . . . . . . . . . . . . . . . . . . . . . 134
26 ‘હાર્ડી-ટ્રેઇલ’ પર ભ્રમણ. . . . . . . . . . . . . . . . .137
27 ‘તેં તો પૂરું યુરોપ પણ જોયું નહીં’ . . . . . . . . . . . 143
28 મનમાં ઊભી થયેલી વસાહત. . . . . . . . . . . . . . . 146